ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
**GUJARAT UNIVERSITY**
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.એકેડેમિક/૫૭૦૧૬/૨૦૧૭ તા.૭/૦૯/૨૦૧૭

પરિપત્રઃ

વિષયઃ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની બી.એસ.સી પ્રથમ વર્ષની(સેમેસ્ટર દીઠ) ફી નિર્ધારીત કરવા બાબત.

સંદર્ભઃ(૧) નં એકેડેમિક /૭૫૧૫/૨૦૧૭ તા.૨૯/૦૫/૨૦૧૭

(૨)નં એકેડેમિક/૫૯૧૪૯/૨૦૧૫ તા.૨૮/૦૭/૨૦૧૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે મા. કુલપતિશ્રીના આદેશ અનુસાર જણાવવાનું કે બી.એસ.સી સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની પ્રથમ વર્ષની ફી નીચે મુજબ નિર્ધારીત કરવામાં આવેલ છે.જે ધ્યાને લઇને કાર્યવાહી કરવા વિનંતી.

1. વિભાગના પત્રાંક નંએકેડેમિક/૫૯૧૪૯/૨૦૧૫ તા.૨૮/૦૭/૨૦૧૫ તથા નં એકેડેમિક /૭૫૧૫/૨૦૧૭ તા.૨૯/૦૫/૨૦૧૭ ધ્યાને લઇ સેમેસ્ટર પધ્ધતિમાં સેલ્ફ ફાઇનાન્સ બી.એસ.સી કોલેજોમાં પત્રાંક નંએકેડેમિક/૫૯૧૪૯/૨૦૧૫ મુજબ હાલમાં મંડળ સંચાલિત અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા જોડાણ પામેલ કોઇ પણ પ્રવાહની કોલેજ બિલ્ડીંગમાં ચાલુ હોય અને તે જ બિલ્ડીંગમાં નવી સાયન્સ કોલેજ શરૂ કરવાની થતી હોય તો તેવી સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓની વાર્ષીક ફી કુલ રૂ.૧૭,૫૦૦ નિર્ધારીત કરેલ છે, જેમાંથી રૂ.૩,૭૫૦ સેમેસ્ટર દીઠ એટલેકે વાર્ષિક રૂ.૭,૫૦૦ ટ્યુશન ફી પેટે અને રૂ.૫,૦૦૦ સેમેસ્ટર દીઠ એટલેકે વાર્ષિક રૂ.૧૦,૦૦૦ લેબોરેટરી ફી પેટે લેવાના રહેશે જેની નોંધ લેવી.

2. વિભાગના પત્રાંક નંએકેડેમિક/૫૯૧૪૯/૨૦૧૫ તા.૨૮/૦૭/૨૦૧૫ તથા નં એકેડેમિક /૭૫૧૫/૨૦૧૭ તા.૨૯/૦૫/૨૦૧૭ ધ્યાને લઇ સેમેસ્ટર પધ્ધતિમાં સેલ્ફ ફાઇનાન્સ બી.એસ.સી કોલેજોમાં પત્રાંક નંએકેડેમિક/૫૯૧૪૯/૨૦૧૫ મુજબ જો નવી સાયન્સ કોલેજ સંપૂર્ણ નવા બિલ્ડીંગમાં શરૂ કરવાની થતી હોય તેવી સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓની વાર્ષિક ફી રૂ.૨૫,૦૦૦ નિર્ધારીત કરેલ છે,જેમાંથી રૂ.૫,૦૦૦ સેમેસ્ટર દીઠ એટલેકે વાર્ષિક રૂ.૧૦,૦૦૦ ટ્યુશન ફી પેટે અને રૂ.૭,૫૦૦ સેમેસ્ટર દીઠ એટલેકે વાર્ષિક રૂ.૧૫,૦૦૦ લેબોરેટરી ફી પેટે લેવાના રહેશે જેની નોંધ લેવી.

આભાર સહ.

આપનો વિશ્વાસુ

કા.કુલસચિવ

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
## GUJARAT UNIVERSITY

www.gujaratuniversity.org.in

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.એકેડેમિક/7515/૨૦૧૭ તા.29/૦૫/૨૦૧૭

પરિપત્રઃ

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર સાયન્સ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.....

વિષયઃ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની બી.એસ.સી પ્રથમ વર્ષની ફી નિર્ધારીત કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે માનનિય કુલપતિશ્રીના આદેશ અનુસાર આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી શરૂ થતા પ્રથમ વર્ષ બી.એસ.સીના કેન્દ્રીય પ્રવેશ સંદર્ભે સ્વનિર્ભર સાયન્સ કોલેજોમાં વિદ્યાર્થીઓની પ્રવેશ ફી અંગે પૃચ્છા થતા અત્રેથી તા.૨૮/૦૭/૨૦૧૫ના રોજ પરિપત્ર ક્રમાંકઃનં.એકેડેમિક/૫૯૧૪૯/૨૦૧૫ જે સામેલ છે તે મુજબ ફી લેવાનું રાખશો

આભાર સહ.

આપનો વિશ્વાસુ,

કા.કુલસચિવ

નકલ રવાના.

૧. કન્વીનરશ્રી બી.એસ.સી કેન્દ્રીય પ્રવેશ સમિતિ ગુજરાત યુનિવર્સિટી નવરંગપુરા અમદાવાદ-૦૯

(P.T.O)

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax (079) 26302654
Telephone 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં. એકેડેમિક/૬૧ | ૬૧ /2015 તા. 28/07/2015

પરિપત્રઃ

વિષયઃ- સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની બી.એસ.સી. પ્રથમ વર્ષની ફી નિર્ધારીત કરવા બાબત.

શ્રીમાન

ઉપરોક્ત વિષય પરત્વે મા. કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવાનું કે બી. એસસી. સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની પ્રથમ વર્ષની ફી નીચે મુજબ નિર્ધારીત કરવામાં આવેલ છે. જે ધ્યાને લઈને કાર્યવાહી કરવા વિનંતી.

1. હાલમાં મંડળ સંચાલિત અને ગુજરાત યુનિવર્સિટી દ્વારા જોડાણ પામેલ કોઈ પણ પ્રવાહની કોલેજ બિલ્ડીંગમાં ચાલુ હોય અને તે જ બિલ્ડીંગમાં નવી સાયન્સ કોલેજ શરૂ કરવાની થતી હોય તો તેવી સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓની વાર્ષિક ફી રૂા. 17,500/- નિર્ધારિત કરેલ છે. રૂા. 17,500/- માંથી રૂા. 7,500/- ટ્યુશન ફી પેટે અને રૂા. 10,000/- લેબોરેટરી ફી પેટે લેવાના રહેશે. તેમજ યુનિવર્સિટી સુચિત અન્ય ફી પણ નિયમ મુજબ લેવાની રહેશે.
2. જો નવી સાયન્સ કોલેજ સંપૂર્ણ નવા બિલ્ડીંગમાં શરૂ કરવાની થતી હોય તેવી સાયન્સ કોલેજમાં વિદ્યાર્થીઓની વાર્ષિક ફી રૂા. 25,000/- નિર્ધારિત કરેલ છે. રૂા. 25,000/- માંથી રૂા. 10,000/- ટ્યુશન ફી પેટે અને રૂા. 15,000/- લેબોરેટરી ફી પેટે લેવાના રહેશે. તેમજ યુનિવર્સિટી સુચિત અન્ય ફી પણ નિયમ મુજબ લેવાની રહેશે.
3. ત્રણ વર્ષ બાદ ઉપરોક્ત બંને પ્રકારની કોલેજોની ફી અંગે યુનિવર્સિટી દ્વારા પુનઃ વિચારણા કરવામાં આવશે.

આભાર સહ.

આપનો વિશ્વાસુ,

કુલસચિવ